## (1) નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) પ્રવાસી મજૂરો માટેની આ એક ઓનલાઈન રિપોઝિટરી છે.
(2) તેનું લોચીંગ ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે.
(3) આ પોર્ટલ દ્વારા મજૂરોની આંતરરાજ્ય અવરજવર સરળ બની શકશે.
(4) COVID-19ને ધ્યાનમાં રાખીને આ પોર્ટલ દ્વારા કોન્ટેક્ટ ટ્રેસીંગ પણ થઈ શકશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 16 મે, 2020ના રોજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) દ્વારા 'નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ' (NMIS) લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ પ્રવાસી મજૂરો માટેની આ એક કેન્દ્રિય ઓનલાઈન રિપોઝિટરી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઓનલાઈન મજૂરોની આંતરરાજ્ય અવરજવરને સરળ બનાવી શકાશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ COVID-19 માટે કોન્ટેક્ટ ટ્રેસીંગની સુવિધા પણ આ પોર્ટલમા આપવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પોર્ટલમાં મજૂરની નીચેની વિગતોને જાળવવામાં આવશે.

- નામ
- મોબાઈલ નંબર
- ઉંમર
- પ્રવાસની તારીખ
- કયાંથી જાય છે ?
- કયાં પહોંચવાનું છે તે જિલ્લો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'IPPC' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ ઈન્ટરનેશનલ પ્લાન્ટ પ્રોટેકશન કન્વેન્સન છે.

(2) તે એક બહુસભ્ય સંધી છે જેની દેખરેખ FAO દ્વારા રાખવામાં આવે છે.

(3) તે છોડ તથા તેની વિવિધ પેદાશમાં જીવજંતુનો ફેલાવો અટકાવવાનું ધ્યેય રાખે છે.

(4) છોડના આરોગ્યની આંતરરાષ્ટ્રીય ગુણવત્તા નક્કી કરતી તે એકમાત્ર સંસ્થા છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ IPPC (ઈન્ટરનેશનલ પ્લાન્ટ પ્રોટેકશન કન્વેન્સન)ની સ્થાપના 1951માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક આંતરરાષ્ટ્રીય બહુસભ્ય સંધી છે જેની દેખરેખ FAO (Food and Agriculture Organization) દ્વારા રાખવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનો ઉદ્દેશ છોડ અને છોડની પેદાશોમાં જીવજંતુના પ્રસરણને અટકાવવાનો છે. આ માટે તે સલામત, સંકલિત અને અસરકારક પગલાં લે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સંધીમાં 183 સભ્ય છે.

⇛ આ સંધીને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા પણ માન્ય રાખવામાં આવેલ છે.

⇛ છોડના આરોગ્યની આંતરરાષ્ટ્રીય ગુણવત્તા નક્કી કરતી તે એકમાત્ર સંસ્થા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ન્યુમોનિયા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ફેફસાંને અસર કરતો શ્વાસોચ્છોવાસને લગતો એક ચેપ છે.

(2) વિશ્વમાં ન્યુમોનિયા એ બાળકોના મોત માટેનો સૌથી મોટો ચેપ છે.

(3) તે વાયરસ, બેકટેરિયા તથા ફૂગ મારફતે થઈ શકે છે.

(4) તેને ફેલાતો અટકાવી શકાય છે પરંતુ તેની સારવાર શકય નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ WHO મુજબ ન્યુમોનિયા બાળકોના મોતના કારણરૂપ સૌથી મોટો ચેપ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ દર વર્ષે તેના દ્વારા 5 વર્ષથી નીચેના આશરે 14 લાખ બાળકો મૃત્યુ પામે છે.

⇛ આ સંખ્યા 5 વર્ષથી નીચેના બાળકોના મૃત્યુના 18% જેટલી છે.

⇛ આ ચેપ અટકાવી શકાય તેવો છે તથા તેની સારવાર પણ શકય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તે બેકટેરિયા, ફૂગ અને વાયરસ દ્વારા ફેલાય શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે શ્વાસોચ્છોવાસને લગતો ચેપ છે જે મુખ્યત્વે ફેફસાંને અસર કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) નામદાફા રાષ્ટ્રીય ઉદ્યાન માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે સિક્કિમમાં આવેલું છે.

(2) તે એક ટાઈગર રિઝર્વ પણ છે.

(3) અહીં, બામ્બુના જંગલ વિસ્તાર પણ જોવા મળે છે.

(4) તે વિશ્વના સૌથી ઉત્તરે આવેલા નિત્યલીલા વરસાદી જંગલ ધરાવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 1985 વર્ગ કિલોમીટરનો વિસ્તાર ધરાવતું નામદાફા રાષ્ટ્રીય ઉદ્યાન અરુણાચલ પ્રદેશમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ અહીં વનસ્પતિની 1000થી વધુ અને પ્રાણીસૃષ્ટિની 1400થી વધુ પ્રજાતિઓ જોવા મળે છે.

⇛ $27^0$ ઉત્તર અક્ષાંશે તે વિશ્વમાં સૌથી ઉત્તરે આવેલાં નીચાણવાળા નિત્યલીલા વરસાદી જંગલ ધરાવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ 1972માં તે મૂળ રીતે વન્યજીવ અભ્યારણ્ય હતું જેને 1983માં રાષ્ટ્રીય ઉદ્યાન તથા ટાઈગર રિઝર્વનો દરજ્જો મળેલો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત તે ભારતની સૌથી પૂર્વ તરફ આવેલું ટાઈગર રિઝર્વ પણ છે.

⇛ અહીં વરસાદી જંગલોની સાથે–સાથે પહોળા–પાનના જંગલો, મિશ્ર જંગલો, દ્વિતીયક જંગલો તથા બામ્બુના જંગલો પણ જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) વિન્ટર-ગ્રેડ ડિઝલ માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનો વિકાસ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) દ્વારા કરવામાં આવ્યો છે.
(2) આ ડિઝલ માઈનસ (-)$30^0$C તાપમાન પણ તેની તરલતા ગુમાવતું નથી.
(3) આ ડિઝલ BS-VI ગુણવત્તાનું પાલન કરે છે.
(4) સામાન્ય ડિઝલમાં પેરાફિન વેક્સ હોય છે, જે નીચા તાપમાને ઘટ્ટ થઈ જાય છે અને પરિણામે તરલતાને અવરોધે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ઊંચાઈવાળા વિસ્તારોમાં જ્યારે તાપમાન માઈનસ (-)$30^0$થી નીચે જાય છે ત્યારે વાહનચાલકોને મુશ્કેલી પડે છે. કારણ કે સામાન્ય ડિઝલમાં પેરાફિન વેક્સ હોય છે, જે તાપમાન નીચું જતાં ડિઝલને ઘટ્ટ બનાવે છે. અને પરિણામે ડિઝલની તરલતા ઓછી થતાં વાહનના એન્જિનમાં તેનો મુક્ત પ્રવાહ જળવાતો નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સમસ્યાનો ઉકેલ લાવવા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) દ્વારા 'વિન્ટર–ગ્રેડ ડિઝલ' વિકાસવવામાં આવ્યું છે કે જે માઈનસ (-) $30^0$ તાપમાને પણ પોતાની તરલતાં જાળવી રાખે છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ ડિઝલનો વિકાસ ખાસ કરીને લદ્દાખ વિસ્તાર માટે કરવામાં આવ્યો છે.

⇛ આ ડિઝલ ભારત સ્ટેજ-VI(BS VI)ના માપદંડોને અનુસાર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT